SAYANI ASSOCIATES

M H Sayani
ADVOCATE

# -:: ENCUMBRANCE CERTIFICATE ::-
## "SANIDHYA APPARTMENT-3"

હું નીચે સહી કરનાર **મૌલીક એચ. સાયાણી, (એડવોકેટ)** મારા અસીલની માલીકીની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરના મોરબી રોડ વિસ્તારમાં રેલ્વે ફાટક પાસે આવેલ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૨૯/૧ પૈકીની બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે **"શીવધારા પાર્ક–સી"** તરીકે ઓળખાય છે, તે જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૫૧** ની જમીન **ચો.મી.આ. ૮૩–૮૨** તથા **પ્લોટ નં. ૫૨** ની જમીન **ચો.મી.આ. ૮૩–૮૨** તથા **પ્લોટ નં. ૫૩** ની જમીન **ચો.મી.આ. ૮૩–૮૨** તથા **પ્લોટ નં. ૫૪** ની જમીન **ચો.મી.આ. ૮૩–૮૨** તથા **પ્લોટ નં. ૫૫** ની જમીન **ચો.મી.આ. ૮૩–૮૨** મળી કુલ **જમીન ચો.મી.આ. ૪૧૯–૧૦** જેના ચો.વા.આ. ૫૦૧–૨૫ વાળી ખુલ્લી જમીન શ્રી ક્રિષ્ના ડેવલોપર્સ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ પરસોતમભાઈ મગનભાઈ રામોતીયા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર ડો. પરસોતમભાઈ મગનભાઈ રામોતીયા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૮૮૯ તા. ૦૬/૦૯/૨૦૧૯ ના રોજ ખરીદ કરેલ છે, અને સદરહું અલગ–અલગ પ્લોટો અમાલગમેશન કરી તેને સબ–પ્લોટીંગ કરવા માટે ભાગીદારી પેઢીને વેચનાર પરસોતમભાઈ મગનભાઈ રામોતીયા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર ડો. પરસોતમભાઈ મગનભાઈ રામોતીયાએ રાજકોટ મહાનગરપાલીકામાંથી જરૂરી સબ–પ્લોટીંગ પ્લાન પાસ કરાવી સબ–પ્લોટીંગ પરવાનગી મેળવેલ છે, અને સદરહું મંજુર થયેલ સબ–પ્લોટ નં. ૫૧+૫૨+૫૩+૫૪+૫૫/૨ ની જમીન **ચો.મી.આ. ૨૦૯–૫૫** ઉપર રહેણાંક ઈમારતનું બાંધકામ કરવા માટે ભાગીદારી પેઢીને વેચનાર પરસોતમભાઈ મગનભાઈ રામોતીયા હિન્દુ અવિભકત કુટુંબના કર્તા અને મેનેજર ડો. પરસોતમભાઈ મગનભાઈ રામોતીયાએ રાજકોટ મહાનગરપાલીકામાં જરૂરી બિલ્ડીંગ પ્લાન પાસ કરાવેલ હતો, અને તે અન્વયે બાંધકામ પરવાનગી નં. ૧૧૯૨ તા. ૧૭/૧૦/૨૦૧૯ ના રોજથી મેળવેલ હતી, અને ભાગીદારી પેઢીએ એપ્રુવ્ડ બિલ્ડીંગ પ્લાન મુજબ ઈમારતનું બાંધકામ કરેલ છે. જેને ભાગીદારી પેઢીએ **"સાનિધ્ય એપાર્ટમેન્ટ–૩"** નામ આપેલ છે, જે હાલ અન્ડર કન્સ્ટ્રકશન છે.

ઉપરોકત જમીનના ટાઈટલ મે જાતે તપાસેલ છે અને સદરહું મિલ્કત ટાઈટલ કલીયર છે અને સદરહું મિલ્કત ઉપર કોઈપણ જાતનો ગીરો, બોજો કે જામીનગીરી નથી એટલે કે **સદરહું મિલ્કત બોજા રહીત તેમજ માર્કેટેબલ અને ટાઈટલ કલીયર છે,** તથા અરજદારના ટાઈટલને અસર કરે તેવો કોઈ જ કલેઈમ ઉપસ્થિત થતો નથી કે પેન્ડીંગ નથી અને ઉતરોતરના દસ્તાવેજોની કડી મળી રહે છે.

અને બાંધકામ કરવા માટે **મે. શ્રી ક્રિષ્ના ડેવલોપર્સ** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ કોઈપણ જાતનો બોજો ઉત્પન્ન કરેલ નથી, તેની ખાત્રી બદલ આ સર્ટીફીકેટ આપેલ છે.

રાજકોટ
તા. ૨૯/૦૧/૨૦૨૦

M. H. SAYANI ADVOCATE

(મૌલીક એચ. સાયાણી–એડવોકેટ)